**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૨૯ ટકા

# રશ્મિ ભાવે હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપાઈ

**પતિ ડો. વિવેક ભાવે સહિત ત્રણ શંકાસ્પદ : ત્રણ વર્ષ બાદ પણ મર્ડર મીસ્ટ્રી અકબંધ : ચાર સ્થળેથી તપાસ ફંગોળાયા બાદ આખરે સીબીઆઈ પાસે કેસ પહોંચ્યો**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીગરનો ખુબ જ ચકચારી કેસ તબીબી પત્નિ રશ્મિ ભાવે હત્યા કેસ છે. રહસ્યમય આ હત્યા કેસમાં પતિ સહિત ત્રણ શંકાના દાયરામાં છે. ઈન્વેસ્ટીગેશન ચાર ચાર એજન્સીઓ મારફતે થયું પરંતુ કોઈ ખાસ પરિણામ ન આવ્યું. રશ્મિ ભાવેના ભાઈએ હાઈકોર્ટમાં કરેલી અરજીને પગલે ગઈ કાલે હાઈકોર્ટે આ હત્યા કેસની તપાસ આખરે સીબીઆઈને સોંપી છે. આ મર્ડર મીસ્ટ્રી ઉકેલાય તો એજન્સીની મોટી સફળતા ગણી શકાય તેમ છે.

કુડાસણ સ્થિત રાધે રેસીડેન્સીમાં ત્રણ વર્ષ પહેલા મકાનમાં ઘુસીને તબીબ પત્નિ રશ્મિ ભાવેની કરપીણ હત્યા થઈ ગઈ હતી. પતિ ડૉ. વિવેક ભાવે તથા બે મહારાષ્ટ્રના મિત્રો અવધૂત ચિતલોંકર અને વૈભવ ઘોઘારી ત્રણ વ્યકિતઓ પહેલેથી આ મર્ડર કેસમાં શંકાના દાયરામાં છે. ત્રણેયના એસડીએસ ટેસ્ટ થયા અને રીપોર્ટ મળતા પોલીસને વધુ શંકા ગઈ...! કોર્ટમાંથી ડૉ. ભાવેનો બ્રેઈન મેપીંગ-નાર્કો ટેસ્ટ કરવાની પોલીસે મંજુરી માંગી પરંતુ ડૉ. ભાવે કોઈ કારણોસર અસમંત થતા ટેસ્ટ થઈ શકયો નહી. હત્યા થઈ તે સમયે ડૉ. ભાવેની હાજરી હોસ્પિટલમાં તથા એક બેંકમાં હોવા અંગેના પુરાવા ડૉકટરની ફેવરમાં જાય છે. સે-૭ પોલીસે તપાસ કરી ત્યાર બાદ એલસીબી અને ત્યાર પછી સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપાઈ...! એકેય એજન્સી કાંઈ ઉકાળી શકી નહીં. મૃતક રશ્મિ ભાવેના ભાઈ મેજર રઘુવિર સિંહોર હાઈકોર્ટમાં ગયા જેને આધારે હાઈકોર્ટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસ.આઈ.ટી.)ની રચના કરી! જો કે એસઆઈટી પણ થાકી..! આખરે હવે હાઈકોર્ટે આ તપાસ સીબીઆઈને સોંપવાનો હુકમ કર્યો છે. ત્રણ વર્ષથી અલગ અલગ એજન્સીઓ પાસે તપાસ ફંગોળાઈ પરંતુ આરોપી સુધી પહોંચવા કોઈ નકકર પુરાવો મળી શકયો નથી...!

# રાજયના સ્થાપના દિન નિમિત્તે ઘ-૩ સર્કલ પાસે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો








ગાંધીનગર, ત.૨૯

ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે આજ રોજ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા નગરજનોમાં ટ્રાફિકના નિયમો અંગે અને સલામત વાહન કેમ ચલાવું તે અંગેની જાગૃતિ અર્થે ઘ-૩ સર્કલ પાસે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી માર્ગ પર આવતાં વાહન ચાલકોને હેલ્મેટ કેમ પહેરવું, વાહન ચલાવતા કઈ કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવું તેની જાણકારી આપવામાં આવી હતી. હેલ્મેટ પહેરીને વાહન ચાલવતા વાહન ચાલકોને ગુલાબનું ફૂલ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર વાહન ચાલકોને ટ્રાફિકના નિયમનું પાલન કરવાથી શું ફાયદા થશે તેની જાણકારી આપી તેમને હળવી શિક્ષા પણ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અને ટ્રાફિકના નિયમોની સમજ બાળકો દ્વારા આપવામાં આવતી હતી. તેમજ ટ્રાફિકના નિયમનો ભંગ કરનાર વાહન ચાલકની કઈ હળવી શિક્ષા કરવી તે પણ બાળકો દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રાફિક પી.આઈ શ્રી બી.જે.વ્યાસ સહિત ટ્રાફિક પોલીસના કર્મયોગીએ ભારે જહેમત ઉઠાવી હતી.

**ગુજરાત રાજયના સ્થાપના દિન તા. ૧ મે ના રોજ**

# શહેરમાં રન ફોર ગુજરાતની દોડ સવારના ૭ કલાકે યોજાશે

ગાંધીનગર, તા.૨૯

તા.૧ મે, એટલે ગુજરાત રાજયનો સ્થાપના દિન. આ દિનને સમગ્ર ગુજરાત રાજયમાં ગૌરવ દિન તરીકે ઉજવવામાં આવનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ગૌરવ દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર શહેર અને જિલ્લામાં અનેક કાર્યક્રમનું આયોજન તા.૧મે, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું છે. જેમાં રન ફોર ગુજરાત, રોજગાર ભરતીમેળાનું અને લોક ડાયરાનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર ગાંધીનગર શહેરની સરકારી ઈમારતો સહિત નગર રોશનીથી ઝગમગી ઉઠશે.

ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે તા. ૧/૦૫/૨૦૧૭ના રોજ સવારના ૭.૦૦ કલાકે રનફોર ગુજરાત દોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ દોડ સવારનો આરંભ સવારના ૭.૦૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતેથી આરંભ થશે. આ દોડ ઘ-૪ સર્કલ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ફરીને ઘ-૪ સર્કલ થઈ ટાઉન હોલ ખાતે પૂર્ણ થશે. આ દોડમાં ભાગ લેવા જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે સર્વે નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે. આ દોડ માટેનું રજીસ્ટ્રેશન સવારના ૬.૦૦ થી ૬.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવનાર છે.

- ગાંધીનગરની આઈ.ટી.આઈ. ખાતે રોજગાર મેળો અને સ્વરોજગાર શિબિર યોજાશે
- સાંજના ૮.૦૦ કલાકે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે
- સમગ્ર ગાંધીનગર શહેર રોશનીથી ઝગમગી ઉઠશે

જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૧ મે, ૨૦૧૭ના રોજ એક રોજગાર મેળાનું તથા સ્વરોજગાર શિબિરનું આયોજન આઈ.ટી.આઈ હોસ્ટેલ બિલ્ડીંગ, આઈ.ટી.આઈ. કોલેજની પાછળ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સવારના ૧૦.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ કંપનીઓમાંથી નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે. ગાંધીનગર જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુ ફકત ગાંધીનગર જિલ્લાના ઉમેદવારોને આ રોજગાર મેળાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જિલ્લા વહીવટી તંત્રએ જણાવ્યું છે.

તા. ૧ મે, ૨૦૧૭ની સાંજ નગરજનો માટે યાદગાર બની રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ કલાકાર શ્રી મેરામણ ગઢવીના લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજના ૮.૦૦ કલાકે લોક ડાયરો સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪ સર્કલ પાસે યોજાશે. નામાંકિત લોક સાહિત્યકાર શ્રી મેરામણ ગઢવી અને તેમના સાથી કલાકારો દ્વારા લોક ડાયરા સાથે હાસ્ય પણ રેલાવવામાં આવશે. આ લોકડાયરામાં ઉપસ્થિત રહેવા સર્વે નગરજનોને જિલ્લા વહીવટી તંત્ર વતી કલેકટર શ્રી સતીશ પટેલે જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

**આઈ લવ માય ગાંધીનગર**



**સુજાન જે ગઢવી**
ઍક્ટર

**ગાંધીનગર ગમે**

સુંદરતા, સ્વસ્થતા, સ્વચ્છ હવા, પાણી અને મન મોહી લેતી મોકળાશને કારણે આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંવેદનશીલ અને બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા અસલ માણસો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. વેણુ ભારતી, જી ઈ ક્લબ, પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, રેડક્રૉસ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી હું પરિચિત ને પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

શહેરને અસર કરતી બાબતોમાં યુવાઓની પણ સક્રિય ભૂમિકા હોય એવી કોઈ વ્યવસ્થા ઊભી કરવાનું જરૂરી લાગે છે. આમ કરવાથી યુવાઓ શહેર સાથે જોડાશે ને એનો ફાયદો આખરે શહેરને જ મળશે.

**નગર માટે હું કરી શકું**

કલા સંવર્ધન માટે શહેરને મારી જે કાંઈ જરૂર હશે તે પૂર્ણ કરવા હું સદાય તત્પર છું.

# બુટલેગરે સરકારી મકાનને વિદેશી દારૂનું ગોડાઉન બનાવી દીધું...!

**આર.આર. સેલે સે-૨૯ જ-ટાઈપમાં દરોડો પાડયો : દરવાજો તોડી તપાસ કરતા પોણા બે લાખનો દારૂ મળ્યો : બુટલેગર ફરાર**

ગાંધીનગર, તા.૨૯

શહેરના સે-૨૯ ખાતે જ-ટાઈપ સ્થિત સરકારી મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને છુટક બોટલોનો ધંધો થતો હોવાની બાતમીને આધારે ગઈ કાલે ગાંધીનગર આર.આર. સેલે મકાનમાં દરોડો પાડયો હતો. મકાન બંધ હોવાથી દરવાજો તોડીને અંદર પ્રવેશ કરી આરઆરસેલે તપાસ કરતાં અંદરથી ૨૭૪ નંગ દારુની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. દારૂનો જથ્થો જપ્ત કરી આરઆરસેલે સે-૨૧ પોલીસ મથકમાં ગુનો નોંધી તપાસ સોંપી છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટની સુચનાથી આર.આર.સેલના પી.એસ.આઈ. કે.ડી. બારોટ તથા તેમની ટીમ પ્રોહીબીશનની બદી દુર કરવા ખૂણે-ખાંચરે કયાંક ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ શોધવા સક્રિય થઈ છે. ગઈ કાલે પીએસઆઈ બારોટને બાતમી મળી હતી કે ગાંધીનગર સે-૨૯ જ ટાઈપ બ્લોક નં. ૧૩૪/૬ ખાતેના સરકારી મકાનમાં નિલેષ ઉર્ફે નીલુ ગણેશ વણકર વિદેશી દારૂનો જથ્થો સંતાડી ત્યાંથી દારૂની બોટલો વેચે છે તેને આધારે આ મકાનમાં દરોડો પાડયો હતો. બંધ મકાનનો દરવાજો તોડી અંદર તપાસ કરી તો રૂ. ૧,૬૨,૨૦૦ની કિંમતનો દારૂની બોટલોનો જથ્થો મકાનમાંથી મળી આવ્યો હતો. અલગ અલગ બ્રાન્ડની દારૂની પેટીઓ (૨૭૪ નંગ બોલ) જપ્ત કરી લઈ નિલેષ ઉર્ફે નીલુ વણકર નામના શખ્સ સામે ગુનો દાખલ કરીને ફરાર બુટલેગરની શોધખોળ શરુ કરવામાં આવી છે. આરઆરસેલે સે-૨૧ પોલીસને વધુ તપાસ સોંપી છે.



ગુજરાતના વિકાસની થતી વાતોમાં પાટનગર ગાંધીનગર પણ ખૂબ જ ઝડપથી ચોતરફથી વિકાસ પામી રહ્યું છે. એમાં ય ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતા વિસ્તારો જેવા કે કુડાસણ, રાયસણ, રાંદેસણ જેવા વિસ્તારો ખૂબ ઝડપથી વિકસી રહ્યા છે. જો કે તેમાં હજુ ઘણી પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ઉનાળાના દિવસોમાં રાત્રિના આ વિસ્તારોને જોતા તમને કોઈ મોટા શહેરમાં રાત્રે ફરવા નીકળ્યા હોય તેવો અહેસાસ જરુર થાય છે. રાધે સ્કવેર તરીકે ઓળખાતા વિસ્તારની આ તસવીરમાં ચાર રસ્તા પર સર્કલ વિકસાવી શહેરને સુંદર બનાવવાનો વધુ એક પ્રયત્ન જોવા મળે છે.

# સાંજ ઢળતાં જ સ્વર્ણીમ પાર્કમાં માનવ મહેરામણ ઉમટે છે

**કુદરતી વાતાવરણમાં પરિવાર સાથે આનંદ મેળવવા માટે સ્વર્ણિમ પાર્ક નગરજનોની પહેલી પસંદ**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નગરજનો ઘરમાં પુરાઈ રહે છે. શહેરનું જનજીવન ગરમીથી પ્રભાવિત બનવા પામ્યું છે ત્યારે બપોરના સમયે ગરમીથી બચવા નગરજનો ઘરમાં એસી, કુલર, પંખા ઓન કરી રાહત મેળવે છે. તો બીજી તરફ ગરમીથી કંટાળેલા નાગરીકો સાંજ ઢળતાં જ બહાર ફરવા માટે નીકળે છે. ત્યારે મોડી સાંજે શહેરનો સ્વર્ણિમ પાર્ક માનવ મહેરામણથી ઉભરાય છે. સ્વર્ણિમ પાર્કમાં નાના બાળકથી અબાલ વૃધ્ધ સૌ કોઈ વિવિધ રમતો રમતા નજરે પડે છે. જયારે બાળકોના ખિલખિલાટથી સ્વર્ણિમ પાર્કનું વાતાવરણ પણ ગુંજી ઉઠે છે.

ગાંધીનગર શહેરમાં પડી રહેલી કાળઝાળ ગરમીથી કંટાળેલા નાગરીકો સાંજ ઢળતા જ પરિવાર સાથે બહાર નીકળતા હોય છે. આખો દિવસ ગરમીમાં ઘરમાં પુરાઈને વિવિધ આધુનિક ઉપકરણોના સહારે ઠંડક મેળવતા હોય છે. કુદરતી વાતાવરણમાં પરિવાર સાથે આનંદ મેળવવા માટે સ્વર્ણિમ પાર્ક નગરજનોની પહેલી પસંદ બની ગઈ છે. જયારે નાગરીકો પોતાના બાળકો સાથે મુકત મને કુદરતી વાતાવરણમાં વિવિધ રમતો રમીને આનંદ મેળવે છે. જેમાં ક્રિકેટ, વોલીબોલ, ખોખો, ફુલરકેટ, આંધળો પાટ્ટો, થપ્પો, દોડપકડ, સહિતની રમતોનો સમાવેશ થાય છે. આ વિસ્તાર નગરજનોથી ઉભરાયેલો હોય છે ત્યારે રાત્રે સ્વર્ણિમ પાર્કના બંન્ને માર્ગો ઉપર બરફ ગોળાની લારીઓ તેમજ આઈસ્કીમની લારીઓ પણ ખડકાઈ જાય છે. અહીં મોડેસુધી રમતનો આનંદ માણવાની સાથે સાથે ઠંડા પીણા અને બરફના ગોળાની લહેજત પણ નગરજનો ઉઠાવે છે. તો સંગીતના કલાસ સાથે જોડાયેલા કેટલાક યુવાનો પોતાના ગ્રુપ સાથે આવીને મનગમતા ગીતો સંગીત સાથે ગાઈને વાતાવરણને સુરીલું કરી દે છે. એટલું જ નહી ગાંધીનગરના હાર્દ સમા આ વિસ્તારમાં અબાલ વૃધ્ધ સૌ ઉનાળાના વેકેશનને માણવા માટે મોટીસંખ્યામાં ભેગા થાય છે. કેટલાક કુંટુબો અને સોસાયટીના રહીશો ઘરેથી નાસ્તો લાવીને અહીં એકસાથે બેસીને ઉજાણી કરતા નજરે પડે છે.



**@ગાંધીનગર**

- ગુજરાત ધમ્મ સોસાસટી ગાંધીનગર દ્વારા ડૉ.આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ સવારે ૯ કલાકે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.
- ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે સ્વર્ણીમ પાર્ક ખાતે સવારે ૬.૦૦ કલાકે યોગ શિબિર યોજાશે.
- જેસીઆઈ ગાંધીનગર દ્વારા સે-૨૫ કલ્પતરૂ લર્નીંગ સેન્ટર ખાતે સવારે ૯ કલાકે પબ્લિક સ્પીકીંગ ટ્રેનીંગ સેમિનાર યોજાશે.
- ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો શ્રીનાથ એવન્યુ, જી-૨૦૧, વંદેમાતરમ ટાઉનશીપ સામે ચાંદલોડીયા-ગોતા ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.
- શ્રીમદ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ કુડાસણ ખાતે નવદુર્ગા પ્રાગટયપ્રસંગ રાત્રે ૧૦.૦૦ કલાકે યોજાશે.

## આજે દલિત અધિકાર સંઘ દ્વારા સ્વ. ફકીરભાઈ વાઘેલાની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ સભા

ગાંધીનગર, તા.૨૯

દલિત અધિકાર સંઘ, ગુજરાતના આદ્યસ્થાપક, કર્મઠ અને સંપૂર્ણ તથા ડૉ. બાબા સાહેબ આંબેડકરના આદર્શો, મુલ્યો અને સિધ્ધાંતોને નખ-શિખ વરેલા એવા ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી સ્વ. ફકીરભાઈ વાઘેલાની ચતુર્થ પુણ્યતિથી નિમિત્તે તા. ૩૦ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૦૬૪, હરિપાર્ક સોસાયટી, સે-૨-ડી, ચ-૨ સર્કલ ખાતે શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રધ્ધાંજલિ સભામાં સદગતને શ્રધ્ધાંજલિ આપવા માટે પધારવા સર્વેને મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા અનુરોધ કરાયો છે.

## બોર્ડ-નિગમ કર્મચારીઓના ધરણા મોકુફ

ગુજરાત રાજય બોર્ડ-નિગમ/ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ, ગાંધીનગર દ્વારા ગાઢ નિંદ્રાધિન સરકાર પાસે સાતમા પગારપંચની મંજુરી માટે વડાપ્રધાનથી મુખ્યમંત્રી તથા અન્ય પ્રધાનમંડળ તથા ધારાસભ્યોને કરેલ રજુઆત બહેરા કાને અથડાઈ અટવાઈ જતાં ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે સરકારની આપખુદ શાહી વલણ ઉજાગર કરવા તથા બોર્ડ/નિગમના કર્મચારીના હક્ક અને અધિકાર માટે શાંતિથી કાયદાની મર્યાદામાં રહી મહામંડળના પ્રતિનિધિઓ અને સભ્યો દ્વારા ગુજરાતના સ્થાપના દિવસ તા. ૧-૫-૧૭ને સોમવારના રોજ સત્યાગ્રહ છાવણી, સે-૬-ગાંધીનગર ખાતે પ્રતિક ઉપવાસ ઉપર બેસવા માટે માંગણી કરી હતી. સરકારના નિષ્ઠુર તંત્ર દ્વારા કોઈ પણ આવશ્યક કારણો વિના માંગણી માન્ય રાખેલ નથી. જેખરેખર ગતિશીલ અને ન્યુ ગુજરાત સરકારની ઘોર નિષ્ફળતા અને બેરવાહ નીતિ છતી કરે છે. રાજય સરકારની લોકશાહી વિરૂધ્ધની પ્રવૃત્તિને લક્ષમાં લેતા મંજુરી વિના પ્રતિક ઉપવાસ કરવાથી કર્મચારીઓ ઉપર તંત્ર દ્વારા જો હુકમી ભરી કાર્યવાહી થવાની સંભાવનાને લક્ષમાં લઈ આ કાર્યક્રમને સ્થગિત રાખી હવે પછીથી લડાયક કાર્યક્રમોની તારીખ જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. મંગાજી રામાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. સિધ્ધી વિક્રમગીરી ગોસ્વામી, ઉ.વ. ૨૪
- સ્વ. નટવરલાલ વસરામભાઈ સોલંકી, ઉ.વ. ૫૨